email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

**તા.૧૯.૦૬.૨૦૧૪**

**પ્રતિ,**
**જ્ઞાતિ શ્રેષ્ઠી,**

____________________

____________________

# "પાવન પુષ્પો"

**વિષય : આપણા સાંસ્કૃતિક વિભાગ દ્વારા આગામી ઓગષ્ટ - ૨૦૧૪માં આયોજિત 'બાળનાટ્ય સ્પર્ધા'માં ભાગ લેવા હાર્દિક આમંત્રણ સહ સ્પર્ધાની વિગતો સાદર.**

માનનીય સ્વજન,

જય જલારામ...

આપણા સમાજની સાર્વત્રિક પ્રગતિ અને ખંતની કેડીએ વડોદરા કારોબારીમાં ઘોષિત થયેલી બાળકોમાં સંસ્કાર અને કલાની પાયાની ઘડતર શૈલી અનુસાર આપણા સમાજના સાંસ્કૃતિક સમિતિના આગામી આયોજનમાં '**બાળનાટ્ય સ્પર્ધા**'નું ઓગષ્ટ – ૨૦૧૪માં આયોજન થનાર છે. તેની વિગતવાર ફોર્મ / નિયમો સાથેની માહિતી અત્રે પાઠવી છે ભાગ લેવા અચૂક આપને સાદર આમંત્રણ છે.

સહકારની શ્રદ્ધાસહ.

| વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી | પ્રમુખશ્રી | મહામંત્રીશ્રી | **ચંદ્રકાન્તભાઈ ઠક્કર 'મેહ'** | **હર્ષદરાય ઠક્કર** |
|---|---|---|---|---|
| **શ્રી ધનવાનભાઈ કોટક** | **શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર** | **શ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ'** | પ્રમુખ | મંત્રી |
| **શ્રી દિવ્યેશભાઈ રાજદેવ** | | **શ્રી મુકેશભાઈ ઠક્કર** | સાંસ્કૃતિક સમિતિ | સાંસ્કૃતિક સમિતિ |

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યકિતગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફકત રૂા.૫૦૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહીતી ઘેરબેઠા મેળવો.

# શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજ

આયોજિત

## સાંસ્કૃતિક સમિતિ દ્વારા સંયોજિત

# "પાવન પુષ્પો"

# બાળ નાટ્ય સ્પર્ધા - ૨૦૧૪

**આ બાળનાટ્ય સ્પર્ધા સમગ્ર ગુજરાતના લોહાણા સમાજનો ભાગ લેવા આમંત્રણ છે.**

## બાળનાટ્ય સ્પર્ધા અંગે માહિતી - નીતિ - નિયમો

- આ બાળનાટ્ય સ્પર્ધામાં કુલ ૪ / ૫ એકાંકી બાળ નાટક અંતિમ સ્પર્ધા માટે પસંદ કરાશે.
- આ બાળ નાટક વધુમાં વધુ ૩૫ મિનિટના એક જ અંકમાં (એકાંકી) હોવુ જોઈએ.
- બાળ નાટકમાં વધુમાં વધુ ૧૪ પાત્રો ઓછામાં ઓછા ૬ થી ૭ પાત્રો હોવા જોઈએ. જેમની ઉંમર ૬ થી ૧૪ વર્ષની હોવી જોઈએ.
- બાળ નાટકના વિષય બાળભોગ્ય / સુરૂચિપૂર્ણ અને સમાજ કે રાષ્ટ્રહિત લક્ષી વિષયના બાળકો દ્વારા જ ભજવાય તે અનિવાર્ય.
- નાટકમાં સામાન્ય સેટીંગ્સ / સામાન્ય ફર્નિચર / કે વિશેષ પ્રકાશનો પ્રયોગ કરી શકાશે.
- બાળકોના જીવંત સંવાદો / અભિનય તખ્તે જરૂરી છે.
- સમાજહિત વિરોધી કે કુસંસ્કાર કે વિચિત્ર ભય પ્રેરક તત્ત્વો / પાત્રો / વિષય અમાન્ય છે.
- નાટકમાં પાર્શ્વ સંગીત / ગીતનો ઉપયોગ વિષયને જરૂરી હોય તો કરી શકાશે.
- બાળકો દ્વારા ભજવાય તે જરૂરી છે. ટેકનિકલ સહાયકો કે દિગદર્શક બાળક હોવા જરૂરી નથી.
- સ્પર્ધામાં ૫ થી વધારે એન્ટ્રી આવશે તો સેમી.ફાઈનલ સ્પર્ધા યોજી પાંચ ફાઈનલ નાટકો અંતિમ સ્પર્ધામાં રજૂ થશે.
- ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર અપાશે.
- અંતિમ સ્પર્ધામાં પસંદ થનાર દરેક ટીમને પુરસ્કાર તથા વિજેતાઓને અનુક્રમે વિજેતા ૧ થી ૩ને ટ્રોફી / શિલ્ડ આપી સન્માન કરાશે, તથા આવનારી ટીમોનું આતિથ્ય થશે.
- નાટક આગામી ઓગષ્ટ – ૨૦૧૪માં અમે જણાવીએ ત્યારે અમદાવાદ ભજવવા 'ટીમ' લઈ આપના સમાજ તરફથી આવવાનું રહેશે. આ અંગે જે તે સમાજ (ગામ) દ્વારા સમગ્ર 'ટીમ'ને અમદાવાદ આવવા તથા પરત જવા વાહનભાડા કે વાહનની સુવિધા આપના સમાજ (સંસ્થા) દ્વારા થાય તેવી ગોઠવણ કરવી.
- આ નાટક નિર્માણ અંગે કોઈ ખર્ચ અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા અપાશે નહિં.
- અમદાવાદ ખાતે આવનારી ફાઈનલ ૪ કે ૫ ટીમને આતિથ્ય (જમવા / ચા / નાસ્તો)ની સુવિધા અમારી સંસ્થા દ્વારા કરાશે.
- સ્પર્ધા અમદાવાદના અદ્યતન હોલમાં સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ કરાશે.
- ઉત્તમ ગુણવત્તા, બાળકોને મજા મજા પડે તેવા નાટકો લઈ બાળકોની કલા શક્તિને પ્રોત્સાહન આપવા જરૂર પધારશો.
- અમદાવાદ અંતિમ સ્પર્ધામાં આવનાર 'ટીમ'ને ૧ દિવસ માટે અમદાવાદ જોવાલાયક સ્થળોની મુલાકાત અમારી સંસ્થા સ્પે.બસ દ્વારા ગોઠવવામાં આવશે.
- નાટકની અંતિમ સ્પર્ધામાં કે પૂર્વ પસંદગી અંગેનો નિર્ણય અમારા સંયોજકોનો આખરી રહેશે. નિર્ણય સંદર્ભે કોઈ દલીલ / તકરાર કે વાંધો માન્ય સ્વીકૃત નથી.
- આ બાળકોને પ્રોત્સાહન પીઠબળનો અભિગમ છે. આપના સહકારની શ્રદ્ધા છે.

**નોંધ : બાળનાટ્ય સ્પર્ધામાં 'પાવન પુષ્પો'નું ફોર્મ આ સાથે મોકલ્યું છે તે સંપૂર્ણ ભરી વિગતવાર પૂર્તિ કરી તા.૨૦.૦૭.૨૦૧૪ સુધીમાં અમારા અમદાવાદ કાર્યાલયમાં પોસ્ટ / રૂબરૂ મોકલશો.**

**–: સ્પર્ધા અંગે કોઈ વિશેષ માહિતી માટે સંપર્ક :–**

**શ્રી ચંદ્રકાન્તભાઈ ઠક્કર 'મેહ', મો.નં. ૯૪૨૬૦ ૫૯૧૩૭, શ્રી હર્ષદરાય ઠક્કર, મો.નં. ૯૮૯૮૪ ૯૫૬૭૪**

**યાદ રાખજો એન્ટ્રી આપના વિભાગીય સમાજ દ્વારા અધિકૃત કરી મોકલવી.**

# શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજ

આયોજિત

## સાંસ્કૃતિક સમિતિ દ્વારા સંયોજિત

## બાળ નાટ્ય સ્પર્ધા - ૨૦૧૪

# પાવન પુષ્પો

### બાળ નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવાનું ફોર્મ

સંસ્થાનું નામ : ____________________

વિભાગ : ____________________

સંસ્થાનું સરનામું : ____________________

અધિકૃત વ્યક્તિનું નામ : ____________________

મોબાઈલ નં. : ____________________

નાટકનું નામ : ____________________

દિગ્દર્શકનું નામ : ____________________

પાત્રોની સંખ્યા : ____________________

લેખકનું નામ : ____________________

નાટક વિષે વિશેષ જણાવવાની વિગત ટૂંકમાં : ____________________

____________________

**અમે 'પાવન પુષ્પો' બાળ નાટ્ય સ્પર્ધા - ૨૦૧૪ના નીતિ નિયમો વાંચ્યા છે, અમને મંજૂર છે.**

(અધિકૃત મહાજનના સહી સિક્કા) તારીખ ભાગ લેનારની સહી

**આ પ્રવેશપત્ર ભરી તા.૨૦.૦૭.૨૦૧૪ સુધીમાં અખિલ ગુજરાત લોહાણા સમાજની અમદાવાદ ઓફિસમાં રૂબરૂ / પોસ્ટથી મોકલવું. ત્યારબાદ ફોર્મ સ્વીકારાશે નહીં.**